<u>**મહે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં, ભચાઉ-કચ્છ.**</u>

**ફોજદારી કેસ નં.૪૭૪/૨૦૨૫**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિ.**

**આરોપી :-** **રાહુલભાઈ વાલજીભાઈ વાઘેલા**

<u>**-: જજમેન્ટ : -**</u>

(૧) (૧) આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર બી.એન.એસ.કલમ-૨૮૫ મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થયેલ છે અને તેમને બી.એન.એસ.એસની કલમ-૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતા આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોવાનું નામ.કોર્ટ રૂબરૂ જાહેર કરેલું છે. તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતા આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે તેઓનો હાલનો પ્રથમ ગુનો છે, તેમની આર્થીક પરિસ્થિતી ખુબજ નબળી છે, હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહી, દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આ કામના આરોપીની રજુઆત તેમજ આર્થીક, સામાજીક, કૌટુંબીક પરીસ્થિતી નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે રીતે નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S. NATVAT HARKHACHANDJI THAKOR 2005(1) G.L.P.709: 2005(1) GCD 749 માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલું છે. જે મુજબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ મુજબ બી.એન.એસ.કલમ-૨૮૫ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી, આરોપીને બી.એન.એસ.કલમ-૨૮૫ મુજબના ગુના કામે રૂા.૧૦૦૦/-(અંકે રુપીયા એક હજાર પુરા) દંડનો હુકમ કરવાામા આવે છે.**આમ કૂલ્લે રૂ.૧૦૦૦/-(અંકે રુપીયા એક હજાર પુરા)** નો દંડની સજાનો હુકમ કરવામા આવે છે તથા દંડ ના ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવવી.

હુકમ આજ તા.૧૪મી, માહે-માર્ચ,સને-૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સહી/-

તારીખ :-૧૪/૦૩/૨૦૨૬ **(વિશાલકુમાર યોગેશકુમાર ત્રીવેદી)**

ભચાઉ-કચ્છ. **GJ-01287**

લોક-અદાલત અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ

ભચાઉ-કચ્છ.

રૂા.૧૦૦૦/-અંકે રૂપીયા એક હજાર પુરા રસીદ નં............

તા.૧૪/૦૩/૨૦૨૬ થી વસુલ લીધા. નાઝીર

પ્રિન્સીપાલ સીની.સીવીલ કોર્ટ,ભચાઉ